મેન્યુઅલ સ્કેવેન્જીંગ નાબૂદી માટે પાયલોટ પ્રોજેકટ તરીકે ટોયલેટ બ્લોકની મંજૂરી બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:SCW/૧૦૨૦૧૩/ન.બા.૫૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૬/૮/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ નો તા:30-૧૨-૨૦૧૩ નો પત્ર ક્માંક: અજાક-છ.૫- ૨૦૧૩- ૭૯૫૮ થી ૬૦.

ઠ રા વ:-

રાજયમાં મેલુ ઉપાડવાની પ્રથા વર્ષ ૧૯૯૨ થી નાબુદ કરવામાં આવેલ છે. છતાં રાજયમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ઘણી જગ્યાએ લોકો ખુલ્લામાં હાજતે જતા હોય છે. રાજયમાં જયા આવી પ્રવૃત્તિ ચાલુ હોય રાજયના શહેરી વિસ્તારમાં કે જયાં લોકો ખુલ્લામાં હાજતે જતા હોય ત્યારે એ પ્રકારના ટોયલેટ બનાવવામાં આવે કે જેમાંથી મળતા મળ અને ગંદા પાણીનો ઉપયોગ કરી ઊર્જા મેળવી શકાય અને આ ઊર્જા સ્થાનિક પ્રજાને સસ્તા ભાવે બળતણ તરીકે પુરૂ પાડી શકાય તે માટે આ પ્રકારના ટોયલેટ બનાવવા જરૂરી જણાય છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં તેમજ રાજયમાં જે જગ્યાએ આવી અમાનવીય કામગીરી કરવામાં આવે છે તે જગ્યાએ ટોયલેટ બ્લોક બનાવવા માટે નિયામકશ્રી(અજાક) ના વંચાણે લીધેલ ક્રમ:(૧) ના પત્રથી પાયલોટ પ્રોજેકટ તરીકે ટોયલેટ બ્લોક બનાવવાની રૂ.૫૦૦/- લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. આથી મેન્યુઅલ સ્કેવેન્જીંગની નાબૂદી માટે પાયલોટ પ્રોજેકટ તરીકે ટોઇલેટ બ્લોકની રૂ.૫૦૦/- લાખની નવી બાબતને નીચે શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) ભારત સરકાર તરફથી જો કોઇ ગ્રાન્ટ મળવાપાત્ર થતી હોય તો તે ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) નિયામકશ્રી(અજાક) અને મેનેજીંગ ડીરેકટરશ્રી, (ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ)એ શહેરી વિકાસ વિભાગના સંકલનમાં આ યોજનાનો અમલ કરવાનો રહેશે.

(૧૦) આ યોજના સરકારની અન્ય યોજના સાથે બેવડાય નહીં તે અંગેની ચકાસણી કરવાની રહેશે.

(૧૧) આ યોજના અંગેના ચોકકસ નિયમો બનાવી રાજય સરકારી મંજૂરી મેળવવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદરઃ બીસીકે-૭૫ – પુજય ઠકકરબાાપા સફાઇ કામદાર પુનઃસ્થાપન યોજના હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૧-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહનિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી, સહ.
પસંદગી ફાઇલ.